# રેગ્યુલર દરખાસ્ત નં. ૫/૨૦૧૬.

## આંક–૨૭ નીચે હુકમ.

(૧) હાલની અરજી દરખાસ્ત પ્રતિવાદીએ આ દરખાસ્તના કામે આંક–૧ નીચે થયેલ હુકમ સ્ટે કરવા માટે આપેલ છે.

અરજીમાં જણાવેલ છે કે, દરખાસ્ત પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સેકન્ડ અપીલ નં. ૨૨૩/૨૦૧૮ ની દાખલ કરેલ છે જેની સુનવણી તા. ૦૧/૦૮/૨૦૧૮ ના રોજ છે જેથી સેકન્ડ અપીલની સુનવણી બાકી હોઇ આંક–૧ નીચે કરેલ હુકમ સ્ટે કરવા વિનંતી કરેલ છે.

(૨) દરખાસ્ત વાદી તરફે વિ. વ. શ્રી એસ. પી. વાઢેરે અરજીમાં શેરો કરી નામદાર ગુજરાત હાઇકોર્ટે કોઇ સ્ટે આપેલ ન હોઇ હુકમની અમલવારી મોકૂફ રાખવા સામે વાંધો લીધેલ છે.

(૩) દરખાસ્ત પ્રતિવાદી તરફે વિ. વ. શ્રી એચ. પી. માલવી તથા દરખાસ્ત વાદી તરફે વિ. વ. શ્રી એસ. પી. વાઢેરની દલીલો સાંભળી.

(૪) અરજી, દલીલો તથા દરખાસ્તનુ રેકર્ડ ધ્યાને લેતા હાલની દરખાસ્ત, દરખાસ્ત વાદીએ દરખાસ્ત પ્રતિવાદી વિરૂધ્ધ રે. દી. કેસ નં. ૨૭૮/૨૦૦૧ ના કામે કરારદાદથી થયેલ હુકમનામાની અમલ બજવણી માટે દાખલ કરેલ છે જેમાં તા. ૧૬/૦૨/૨૦૧૮ ના રોજ આંક–૧ નીચે હુકમ કરી સી.પી.સી. ઓર્ડર–૨૧, રૂલ–૩૫(૩) મુજબ દાવાવાળી મિલકતનો કબજો વાદીને અપાવવા હુકમ કરેલ હતો જે હુકમ વિરૂધ્ધ દરખાસ્ત પ્રતિવાદીએ નામદાર એડી. ડિસ્ટ્રીક્ટ કોર્ટ, ધોરાજી ખાતે ફર્સ્ટ અપીલ નં. ૧૩/૨૦૧૮ દાખલ કરેલ હતી જે અપીલ નામદાર પાંચમાં એડી. ડિસ્ટ્રીક્ટ જજ સાહેબે તા. ૨૬/૦૪/૨૦૧૮ ના રોજ હુકમ કરી સમરીલી ડીસમીસ કરેલ છે જે હુકમ વિરૂધ્ધ દરખાસ્ત

પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સેકન્ડ અપીલ દાખલ કર્યાનુ જણાવેલ છે અને તેનુ સ્ટેટસ હાલની અરજી સાથે રજૂ કરેલ છે.

(૫) દરખાસ્ત પ્રતિવાદીએ તેમની અરજીમાં વિનંતી કરેલ છે કે, તેઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સેકન્ડ અપીલ નં. ૨૨૩/૨૦૧૮ ની દાખલ કરેલ હોઈ જે કબજો લેતા અટકાવવામાં ન આવે તો તેમની અપીલ ન કર્યા બરાબર થઈ જાય જેની વિરૂધ્ધ દરખાસ્તનુ રેકર્ડ જોતા રે.દી.કેસ નં. ૨૭૮/૨૦૦૧ ના કામે કરાર દાદથી હુકમનામુ થયેલ છે જે હુકમનામા વિરૂધ્ધ દરખાસ્ત પ્રતિવાદીએ કોઈ અપીલ દાખલ કરેલ નથી. કરારદાદી હુકમનામુ હોઈ અપીલ દાખલ થઈ શકે નહીં. તે હુકમનામુ ખોટી રીતે મેળવેલ હોવાની પ્રતિવાદીની કોઈ તકરાર નથી તે સંજોગોમાં દરખાસ્ત પ્રતિવાદી પાસેથી હુકમનામાનો અમલ કરાવી કબજો અપાવવા માટે થયેલ હુકમ સ્ટે કરાવવા માટેનુ કોઈ કારણ રહેતુ નથી.

(૬) દરખાસ્ત પ્રતિવાદીએ આ કોર્ટે આંક–૧ નીચે જે કબજો અપાવવાનો હુકમ કરેલ છે તે હુકમ વિરૂધ્ધ જે ફર્સ્ટ અપીલ દાખલ કરેલ તે સમરીલી તા. ૨૬/૦૪/૨૦૧૮ ના રોજ ડીસમીસ થતાં તેના વિરૂધ્ધ નામદાર હાઈકોર્ટમાં સેકન્ડ અપીલ દાખલ કરેલ હોવાનુ જણાવેલ છે જેનુ રજૂ થયેલ સ્ટેટસ જોતા તે સેકન્ડ અપીલ જૂનાગઢ જિલ્લાની દાખલ થયેલ હોવાનો સ્ટેટસમાં ઉલ્લેખ છે. આમ, હાલની દરખાસ્તના કોઈ હુકમ વિરૂધ્ધ સેકન્ડ અપીલ દાખલ થયેલ હોવાનુ સ્ટેટસમાં જણાતુ નથી. વધુમાં જ્યારે મૂળ હુકમનામુ કરારદાદથી થયેલ છે અને તે હુકમનામુ રદ કરવા માટે કોઈ અપીલ દાખલ થયેલ ન હોઈ હુકમનામાની અમલ બજવણી મોકૂફ રાખવી ન્યાયોચિત જણાતી નથી.

(૭) દરખાસ્ત વાદીએ જે સેકન્ડ અપીલના સ્ટેટસ ઉપર આધાર રાખેલ છે તે સેકન્ડ અપીલ જૂનાગઢ જિલ્લાના કેસ બાબતે દાખલ થયેલ હોવાનુ ફલિત થતુ હોઈ તેથી પણ આંક–૧ નીચે થયેલ હુકમની અમલ બજવણી રોકવી ન્યાયોચિત

જણાતુ નથી.

(૮) આ કોર્ટ દ્વારા દરખાસ્ત પ્રતિવાદી વિરૂદ્ધ કબજા વોરંટ કાઢવામાં આવેલ હતુ જેની બજવણી માટે દરખાસ્ત વાદી બેલીફ સાથે તા. ૩૦/૦૭/૨૦૧૮ ના રોજ જતા દરખાસ્ત પ્રતિવાદીએ વિનંતી કરી તા. ૩૧/૦૭/૨૦૧૮ ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે કબજો સોંપી દેશે તેવુ જણાવતા બજવણી મોકૂફ રહેલ હતી. ત્યારબાદ આજરોજ બેલીફ કબજો મેળવવા જતા દાવાવાળી મિલકત તાળા સાંકળથી બંધ હોવાનો શેરો આવેલ છે. આમ, પ્રતિવાદીએ દાવાવાળી મિલકતનો કબજો આપવાની જગ્યાએ દરખાસ્તની આજની તારીખ ન હોવા છતાં કેસ બોર્ડ ઉપર લેવડાવી હાલની અરજી રજુ કરેલ છે. આમ, દરખાસ્ત પ્રતિવાદીએ તા. ૩૦/૦૭/૨૦૧૮ ના રોજ વોરંટની બજવણી ન થાય તે માટે ખોટુ કથન કરી, ખોટી રીતે બજવણી રોકી રાખેલ હોય તેથી પણ દરખાસ્ત પ્રતિવાદીની તરફેણમાં કોઈ હુકમ કરવો ન્યાયોચિત જણાતુ નથી જેથી મારો આખરી હુકમ નીચે મુજબ કરૂ છું.

## **હુ ક મ**

**૧.** દરખાસ્ત પ્રતિવાદીની હાલની અરજી નામંજૂર યાને કે રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** હાલની અરજીનો ખર્ચ દરખાસ્ત પ્રતિવાદીએ ભોગવવો.

આ હુકમ આજરોજ તા. ૩૧, માહે-જુલાઈ, સને-૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ-૩૧/૦૭/૨૦૧૮.
મુકામ-ધોરાજી.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
એડીશનલ સીનીયર સીવીલ જજ,
ધોરાજી.
જીજે૦૦૯૩૪